વડોદરામાં ચૂંટણીલક્ષી વહીવટી કામગીરી દરમિયાન સર્જાયો વિવાદ

ચૂંટણી કાર્ડ સુધારણા ઝુંબેશમાં 1 ELO સામે આઠ BLO રાખતા કામગીરી મંદગતિએ

ચૂંટણી પંચની SIR (Special Interactive Revision) કામગીરી વચ્ચે સંકલનનો અભાવ

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

લોકશાહીના પર્વ સમાન ચૂંટણી પ્રક્રિયાના પાયાના કામમાં જ્યારે વહીવટી સંકલન ખોરવાય ત્યારે કેવી સ્થિતિ સર્જાય છે, તેનો જીવંત દાખલો વડોદરામાં જોવા મળ્યો છે. હાલમાં ચાલી રહેલી SIR (Special Interactive Revision) એટલે કે મતદાર યાદી સુધારણાની કામગીરી દરમિયાન વડોદરાના વહીવટી તંત્રમાં મોટા પાયે વિવાદ છેડાયો છે. આ વિવાદનું મુખ્ય કેન્દ્ર BLO (Booth Level Officer) અને ELO (Electoral Level Officer) વચ્ચેની તકરાર છે. સામાન્ય રીતે વહીવટી માળખામાં કામની વહેંચણી સપ્રમાણ હોવી જોઈએ, પરંતુ વડોદરામાં સ્થિતિ કંઈક અલગ જ જોવા મળી રહી છે. વિવાદનું મુખ્ય કારણ કામનું અપ્રમાણસર ભારણ છે. હાલમાં 1 ELO (Electoral Level Officer) ના માથે 8 BLO (Booth Level Officer) ની કામગીરી પર દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. એક સાથે 8 અલગ-અલગ વિસ્તારના BLO ના ડેટા ચેક કરવા, ફોર્મનું વેરિફિકેશન કરવું અને ટેકનિકલ એન્ટ્રીઓ કરાવવી એ એક વ્યક્તિ માટે અશક્ય જેવું કામ બની ગયું છે. કામના આ અતિશય ભારણને કારણે સમયમર્યાદામાં કામ પૂરું કરવાનું દબાણ વધ્યું છે, જેના કારણે પરસ્પર બોલાચાલી અને આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દૌર શરૂ થયો છે. જ્યારે પણ ચૂંટણી પંચ દ્વારા સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે, ત્યારે પાયાના સ્તરે કામ કરતા કર્મચારીઓ પર ભારે દબાણ હોય છે. ઓનલાઈન પોર્ટલની ધીમી ગતિ વચ્ચે 8 BLO નો રિપોર્ટ તૈયાર કરવો એ ELO માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યો છે. BLO ને ફિલ્ડમાં જઈને ડેટા લાવવાનો હોય છે, જ્યારે ELO એ તેનું પ્રોસેસિંગ કરવાનું હોય છે. આ બંને વચ્ચેના રેશિયોમાં મોટો તફાવત હોવાથી કામની ગુણવત્તા પર પણ અસર પડી રહી છે. આ તકરાર માત્ર બે કર્મચારી જૂથો વચ્ચે સીમિત રહી નથી, પરંતુ તેનાથી મતદાર યાદી સુધારણાની કામગીરી ખોરવાઈ રહી છે. જો આ વિવાદ જલ્દી ઉકેલાશે નહીં, તો આગામી સમયમાં મતદાર યાદીમાં ક્ષતિઓ રહી જવાની ભીતિ સેવાઈ રહી છે. વડોદરા વહીવટી તંત્રએ આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરીને વર્કલોડનું પુનઃ ગઠન કરવું જરૂરી છે.

સુભાષચંદ્રની જયંતીના કાર્યક્રમને અટકાવનાર સામે કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ગત 23મી જાન્યુઆરીના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની 129મી જન્મ જયંતીની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં પણ ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. આર્ટસ ફેકલ્ટીના ડીન દ્વારા આ કાર્યક્રમને અટકાવવામાં આવ્યો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝના આ કાર્યક્રમને અટકાવીને દેશના આઝાદી આંદોલનના આ મહાન લડવૈયાનું અપમાન કરવાની આ ઘટનાથી કેમ્પસમાં મોટા પાયે કુલપતિને સંબોધન કરાયેલા આવેદનપત્રમાં સહી ઝુંબેશકરાઈ હતી. આ ઘટનાને લઈને વિદ્યાર્થી સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશનના સેક્રેટરી આયુષ કુલશ્રેષ્ઠની આગેવાની હેઠળ ઓર્ગેનાઈઝેશનના કાર્યકરોએ એકત્ર થઈને આ મામલે યુનિ.ની હેડ ઓફિસ ખાતે આવેદન પાઠવીને કાર્યવાહી સાથે માફી માંગે તેવી માંગણી કરી હતી.

ચૂંટાયેલું બોર્ડ તેની પાંચ વર્ષની મુદત દરમિયાન પાંચ બજેટ રજૂ કરતું હોય છે

5 વર્ષનું શાસન અને 6 બજેટ! પાલિકામાં આજે 20 વર્ષની પ્રણાલી બદલાશે

GPMC એક્ટની જોગવાઈ અને માર્ચ 2021ના ગણિતે વર્તમાન બોર્ડને અપાવી ઇતિહાસ રચવાની અનોખી તક

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકાના ઈતિહાસમાં આજે એક નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. પાલિકાના વર્તમાન ચૂંટાયેલા બોર્ડ દ્વારા આજે વર્ષ 2025-26નું રિવાઇઝ બજેટ અને વર્ષ 2026-27નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવશે. આ સાથે જ છેલ્લા બે દાયકાથી ચાલી આવતી પાંચ બજેટની પરંપરા તૂટશે અને વર્તમાન શાસકો પોતાના કાર્યકાળનું સતત છઠ્ઠું બજેટ રજૂ કરીને એક નવો રેકોર્ડ પ્રસ્થાપિત કરશે.

સામાન્ય રીતે મહાનગરપાલિકામાં કોઈપણ ચૂંટાયેલું બોર્ડ તેની પાંચ વર્ષની મુદત દરમિયાન પાંચ બજેટ રજૂ કરતું હોય છે. પરંતુ આ વખતે કોરોના કાળના કારણે સર્જાયેલી વિશિષ્ટ પરિસ્થિતિને પગલે ગણિત બદલાયું છે. વર્ષ 2021માં જૂના બોર્ડની મુદત પૂર્ણ થયા બાદ બે મહિના માટે વહીવટદાર શાસન રહ્યું હતું અને નવા બોર્ડની પ્રથમ બેઠક 11 માર્ચ 2021ના રોજ મળી હતી. GPMC એક્ટ મુજબ બોર્ડની મુદત પ્રથમ બેઠકથી પાંચ વર્ષની ગણાય છે, જે માર્ચ 2026માં પૂર્ણ થશે. આથી, ફેબ્રુઆરીમાં રજૂ થતું આ બજેટ વર્તમાન બોર્ડ માટે છઠ્ઠું બજેટ બનશે.

આ મામલે સભા સેક્રેટરી ચિંતન દેસાઈએ જણાવ્યું હતું કે, "BPMC કે GPMC એક્ટમાં એવી કોઈ મર્યાદા નથી કે એક બોર્ડ માત્ર પાંચ જ બજેટ રજૂ કરી શકે. કાયદાકીય રીતે બોર્ડ છઠ્ઠી વખત પણ બજેટ રજૂ કરી શકે છે. વડોદરા પાલિકાના ઈતિહાસમાં આ પ્રકારની ઘટના કદાચ પ્રથમવાર બની રહી છે, જે વહીવટી દ્રષ્ટિએ અત્યંત નોંધપાત્ર છે."

આજે રજૂ થનારા ડ્રાફ્ટ બજેટમાં શહેરના વિકાસલક્ષી કામો, ટેક્સના માળખામાં ફેરફાર અને આગામી વર્ષના આયોજનો પર સૌની નજર ટકેલી છે.

કેમ બદલાઈ 20 વર્ષ જૂની પરંપરા?...

વડોદરામાં છેલ્લા 20 વર્ષથી ચૂંટાયેલું બોર્ડ 5 બજેટ રજૂ કરતું આવ્યું છે. પરંતુ 2021માં કોરોનાને કારણે ચૂંટણીમાં વિલંબ થતા નવું બોર્ડ માર્ચ મહિનામાં સત્તા પર આવ્યું હતું. નિયમ મુજબ, કર દરવાળું બજેટ 20 ફેબ્રુઆરી સુધીમાં રજૂ કરવું ફરજિયાત હોય છે. વર્તમાન બોર્ડની મુદત માર્ચ 2026 સુધી હોવાથી, ટેકનિકલ રીતે આ બોર્ડને છઠ્ઠું બજેટ રજૂ કરવાની તક મળી છે, જે પાલિકાના ઈતિહાસમાં એક વિરલ ઘટના છે.

સામાજિક ન્યાયની દિશામાં મક્કમ ડગલું, UGC રેગ્યુલેશન 2026ને SSD ગુજરાતનું સમર્થન

સ્વયં સૈનિક દળ દ્વારા UGCના નવા નિયમોના સમર્થનમાં કલેક્ટરને આવેદન

SC, ST અને OBC વિદ્યાર્થીઓને મળશે સમાન તક, વડોદરા કલેક્ટર કચેરીએ SSDની ગર્જના

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

ભારતીય ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવા અને શૈક્ષણિક સંકુલોમાં સમાનતા પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા UGC નિયમોને સ્વયં સૈનિક દળ (SSD) ગુજરાત દ્વારા ઐતિહાસિક ગણાવવામાં આવ્યા છે. આ નિયમોના મક્કમ સમર્થન અને તેના ત્વરિત અમલીકરણ માટે આજે SSD વડોદરા દ્વારા જિલ્લા કલેક્ટરને એક વિગતવાર આવેદન પત્ર પાઠવી અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. સ્વયં સૈનિક દળના અગ્રણીઓએ આવેદન પત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'UGC (Promotion of Equity in Higher Educational Institutions) Regulations-2026' એ માત્ર વહીવટી માળખું નથી, પરંતુ ભારતીય બંધારણના આત્મા સમાન કલમ 14 (સમાનતાનો અધિકાર), કલમ 15 (ભેદભાવનો પ્રતિષેધ) અને કલમ 16 (તકની સમાનતા) ને જીવંત કરવાનો પ્રયાસ છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષોથી ચાલતી અસમાનતા અને છૂપા ભેદભાવો સામે આ નિયમો એક મજબૂત કવચ સાબિત થશે. સંગઠને રજૂઆત કરી હતી કે ભારત જેવા લોકતાંત્રિક દેશમાં જ્યારે SC, ST, OBC અને લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે જાય છે, ત્યારે ઘણીવાર તેમણે સામાજિક માનસિકતાના કારણે અવરોધોનો સામનો કરવો પડે છે. નવા નિયમોના અમલીકરણથી, પછાત અને વંચિત સમુદાયના વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ભેદભાવ રહિત પ્રવેશ અને તક મળશે. શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી વધશે અને તેમને સુરક્ષિત તથા ગરિમાપૂર્ણ વાતાવરણ મળશે. જાતિગત કે ધાર્મિક આધારે થતી હેરાનગતિ પર કાયદાકીય રોક લાગશે. આવેદન આપતા સ્વયં સૈનિક દળના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, ₹અમારું સંગઠન હંમેશા બંધારણીય મૂલ્યોના સંવર્ધન માટે લડતું આવ્યું છે. UGC દ્વારા લેવાયેલો આ નિર્ણય સામાજિક ન્યાયની ભાવનાને વધુ પ્રબળ બનાવે છે. અમે માંગ કરીએ છીએ કે સરકાર અને શિક્ષણ વિભાગ આ નિયમોનું માત્ર પાલન જ ન કરાવે, પરંતુ તેનું ઉલ્લંઘન કરનાર સંસ્થાઓ સામે કડક કાર્યવાહી પણ કરે.₹ વડોદરા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ રજૂઆતમાં SSDના શિસ્તબદ્ધ કાર્યકરો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. બંધારણીય નારાઓ સાથે આ સંગઠને સંદેશ આપ્યો હતો કે દેશના વિકાસ માટે શિક્ષણમાં સમાનતા એ પાયાની જરૂરિયાત છે.

મુખ્યમંત્રી આજે ભગવાન બુદ્ધના અવશેષો વડોદરાથી શ્રીલંકા દર્શનાર્થે મોકલશે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

પાડોશી દેશ શ્રીલંકાના કોલંબો શહેર ખાતે આયોજિત બુદ્ધિસ્ટ સંમલેનમાં ભાગ લેનારા ભાવિકોના દર્શનાર્થે વડોદરામાં રહેલા ભગવાન શ્રી બુદ્ધના અવશેષો મોકલવામાં આવશે. તા. ૩ને મંગળવારના રોજ આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આ અવશેષોને કોલંબો મોકલશે.

પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ તા. ૩ના રોજ બપોરે સવા ચાર વાગ્યે મુખ્યમંત્રીશ્રી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં આગમન થશે. તે સમયે બુદ્ધિસ્ટ સંતો દ્વારા જાપ કરવામાં આવશે. ભગવાન બુદ્ધના અવશેષોના શ્રી પટેલ દર્શન કરી પુષ્પાંજલિ અર્પણ કરશે. બાદમાં ગાર્ડ ઓફ ઓનર આપી શોભાયાત્રા કાઢવામાં આવશે. બાદમાં પ્લેન મારફત વાયા દિલ્હી થઇ કોલંબો મોકલવામાં આવશે.

બજેટ અને વૈશ્વિક અસરોને પગલે કિંમતો તળિયે બેઠી

'મહાકડાકો': ચાંદી એકઝાટકે 31,000 સસ્તી થઈ, સોનામાં 5,000નું ગાબડું

લગ્નસરાની મોસમમાં ગ્રાહકોને મળી મોટી રાહત, જ્વેલર્સ શોરૂમ પર પૂછપરછમાં ઉછાળો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વૈશ્વિક બજાર અને બજેટ બાદની અસરોને પગલે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. આજે બજાર ખૂલતાની સાથે જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોના અને ચાંદીના ભાવમાં મોટો કડાકો નોંધાયો હતો, જેના કારણે ગ્રાહકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. MCX પર ચાંદીના ભાવમાં આજે બજાર ખૂલતાની સાથે જ 16,000નો ઘટાડો જોવા મળ્યો હતો. જો છેલ્લા કેટલાક દિવસોની વાત કરીએ તો, 1 કિલો ચાંદીના ભાવમાં 31,000થી વધુનો ધરખમ ઘટાડો નોંધાયો છે. હાલમાં 1 કિલો ચાંદીનો ભાવ ઘટીને 2,33,000ની આસપાસ પહોંચી ગયો છે. ચાંદીના ભાવમાં અંદાજે 12% જેટલો ઘટાડો નોંધાયો છે. સોનાના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. MCX પર સોનાના ભાવમાં અંદાજે 3.70%નો ઘટાડો નોંધાયો છે. 10 ગ્રામ સોનાના ભાવમાં 5,000થી વધુનો કડાકો જોવા મળ્યો છે, જેના કારણે સોનું ગગડીને 1,36,950ની સપાટીએ પહોંચ્યું છે. વડોદરાના ગણદેવીકર જ્વેલર્સના જણાવ્યા અનુસાર, છેલ્લા સાત દિવસમાં સોનામાં પ્રતિ 10 ગ્રામ 20,000 સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. વડોદરાના પ્રખ્યાત સારા ગણદેવીકરના જ્વેલર્સના જણાવ્યા અનુસાર, ભાવ ઘટતાની સાથે જ ગ્રાહકોની પૂછપરછ વધી છે.

લગ્નગાળાની સીઝન ચાલતી હોવાથી જે લોકો ભાવ વધારાને કારણે ખરીદી ટાળતા હતા, તેઓ હવે એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. વેપારીઓનું માનવું છે કે આ ભાવ ઘટાડો લાંબા ગાળે ગરાકીમાં વધારો લાવશે. ગ્રાહકો પણ આ ઘટાડાને આવકારી રહ્યા છે. મધ્યમ વર્ગના પરિવારો જે સોનામાં રોકાણ કરવા માંગતા હતા, તેમના માટે આ એક ઉત્તમ તક સાબિત થઈ રહી છે. નિષ્ણાતોના મતે, હાલમાં ભાવ નીચા આવ્યા હોવાથી ખરીદી માટે આ યોગ્ય સમય હોઈ શકે છે, કારણ કે આગામી સમયમાં ભાવ ફરી વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

કારેલીબાગમાં પાલિકાની ગંભીર બેદરકારી અને નિષ્કાળજી સામે આવી

વરસાદી કાંસના ૧૦થી વધુ ઢાંકણાઓ વેરવિખેર અને અત્યંત જોખમી હાલતમાં

એક જ પટ્ટામાં 10-10 ઢાંકણા જોખમી હોય છતાં સ્થાનિક વોર્ડ ઓફિસના એન્જિનિયરો કેમ ઘોર નિદ્રામાં છે ?

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

સંસ્કારી નગરી કે બેદરકારીની નગરી ? વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો અને એન્જિનિયરોની આંખ આડા કાન કરવાની નીતિએ હવે માઝા મૂકી છે. કારેલીબાગ આનંદનગર ગરબા ગ્રાઉન્ડથી મીરા ચાર રસ્તા સુધીનો માર્ગ અત્યારે મૃત્યુના માર્ગ સમાન બની ગયો છે. અહીં આવેલી વરસાદી કાંસના ૧૦થી વધુ ઢાંકણાઓ વેરવિખેર અને અત્યંત જોખમી હાલતમાં છે. આ કોઈ સામાન્ય ક્ષતિ નથી, પણ તંત્ર દ્વારા કરવામાં આવેલી ગુનાહિત બેદરકારી છે. વડોદરાની જનતા ટેક્સના નામે કરોડો રૂપિયા પાલિકાની તિજોરીમાં ઠાલવે છે, અને બદલામાં તેમને મળે છે માત્ર ખાડા, તૂટેલા રસ્તા અને જોખમી કાંસ. કારેલીબાગના આ વિસ્તારમાં રહેતા નાગરિકો પૂછી રહ્યા છે કે, જો અહીં કોઈ જાનહાનિ થશે, તો તેની જવાબદારી કોણ લેશે ? શું જવાબદાર એન્જિનિયરો સામે મનુષ્ય વધનો ગુનો દાખલ થશે ? જનતા પાસેથી રોડ ટેક્સ અને પ્રોપર્ટી ટેક્સ વસૂલતી વખતે પાલિકા ક્યારેય મોડું કરતી નથી તો સુરક્ષા અને સુવિધા આપવામાં પાલિકા કેમ આંખ આડા કાન કરે છે ? એક જ પટ્ટામાં 10-10 ઢાંકણા જોખમી હોય છતાં સ્થાનિક વોર્ડ ઓફિસના એન્જિનિયરો કેમ ઘોર નિદ્રામાં છે ? શું તેઓ કોઈ મોટી હોનારતની કે જાનહાનિની રાહ જોઈ રહ્યા છે ? શું સ્થાનીય કોર્પોરેટરોને આ દેખાતું નથી ? કે પછી જનતાના જીવની કિંમત માત્ર ચૂંટણીના મત પૂરતી જ સીમિત છે?

કામદારોના માનદવેતનમાં કોઈ પણ પ્રકારની વૃદ્ધિ કરી નથી

ભારતીય મજદૂર સંઘ દ્વારા બજેટને ઉદાસી અને મજદૂર વિરોધી ગણાવાયું

સ્ત્રી કામદારોના પ્રતિ સરકારની અસંવેદનશીલતા જણાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ભારતીય મજદૂર સંઘે બજેટ 2026-27નો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ તેને ઉદાસ બજેટ ગણાવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ ઔદ્યોગિક વિકાસ અને કૌશલ્ય બાંધકામના પ્રતિ આર્થિક વૃદ્ધિ પણ કેન્દ્રિત છે. પરંતુ કામદારોના આજીવિકા પગાર અને સામાજિક સુરક્ષા પ્રતિ કનેક્ટેડ મૂળભૂત મુદ્દાઓ પ્રતીપૂર્ણ પ્રકારની અવગણના કરવામાં આવી છે. ભારતીય મજદૂર સંઘે મજૂરી કોડની સૂચના અને બેન્કિંગ વિસ્તાર સુધારો તેમજ શિક્ષણ, પ્રતિરોજગાર અને એન્ટરપ્રાઇઝ પર ઉચ્ચતર સમિતિઓની રચના પર ચિંતા વ્યક્ત કરી છે. કારણ કે, શ્રમ સલામતીના વગર સુધારો અસ્થિરતા અને અવ્યવસ્થા પ્રત્યે પ્રોત્સાહન આપશે. કૌશલ્ય વિકાસની વાતોનું સ્વાગત છે પણ ખાનગીકરણ કરારીકરણ અને આઉટસોર્સિંગના માઉન્ટિંગ વલણ પ્રતિ જોબની સુરક્ષા, પગાર સ્થિરતા અને કામદારો અધિકારો પર ગંભીર જોખમ છે. આઠમો મધ્ય પગાર કમિશનની રચના અને એનપીએસમાં અર્થપૂર્ણ સુધારો પણ બજેટના મૌન પ્રતિ સરકાર કર્મચારીઓમાં વ્યાપક અસંતોષ ફેલાયો છે. આંગણવાડી આશા અને મધ્યાહન ભોજન ના કામદારોના માનદવેતનમાં કોઈ પણ પ્રકારની વૃદ્ધિ કરી નથી તેમને કામદારોની સ્થિતિ આપીને ન્યૂનતમ પગાર અને સામાજિક સુરક્ષા પૂરું પાડવાની માંગની અવગણના કરવામાં આવી. જે હાલમાં કાર્યરત સ્ત્રી કામદારોના પ્રતિ અસંવેદનશીલતા બતાવે છે.

બરોડીયનો સહિતના ભારતીયોએ રેલી કાઢી કર્યો સખત વિરોધ

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારના પડઘા USમાં પડ્યા

રેલીમાં ઈઝરાયેલ અને બાંગ્લાદેશી હિન્દુ સમાજના લોકો પણ જોડાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમાજ પર બાંગ્લાદેશી બહુમતી મુસ્લિમ સમાજ દ્વારા હિન્દુઓ પર થતા ઘાતકી હુમલા ધર્મસ્થાનોની તોડફોડ, દુકાનો લૂંટવી, રહેણાંક ઘર તોડવા અને દીપુ ચંદ્ર દાસ સહિત 20 થી વધુ હિન્દુઓની હત્યા કરી અને લઘુમતી હિન્દુ સમાજ પર આતંકી હુમલા કરી આતંકનો ભય ફેલાવો કરવો સહિતના મુદ્દે વડોદરાના અને અમેરિકામાં સ્થાયી થયેલા ભારતીયો દ્વારા પ્રચંડ પ્લેકાર્ડ સાથે રેલી યોજી ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશ પર હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર ના પડઘા હવે અમેરિકામાં પણ પડ્યા છે. અમેરિકામાં સ્થાયી થયેલા મૂળ વડોદરા સહિતના દેશભરના ભારતીય નાગરિકો દ્વારા પ્રચંડ વિરોધ કરવામાં આવ્યો છે. આ અંગે માહિતી આપતા વડોદરાના અને અમેરિકા ખાતે રહેતા શહેરના પૂર્વ મેયર ઉમાકાંત જોષી, હિન્દુ સમાજના અગ્રણી ડો.સુરેન્દ્ર શર્મા, અરુણ દત્ત, રૂપ ગોયલ, ગીતાબેન શ્રીખંડ, ઓવરસીઝ બીજેપીના પ્રમુખ પી.કે નાયક, અનિલ મહાજન, વિશ્વ હિન્દુ પરિષદના ડો.કેશવ પટેલ સહિતના ભારતીયોએ બેનરો પોસ્ટરો સાથે પ્રચંડ પીસ રેલી યોજી ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં બહુમતી મુસ્લિમ સમાજ દ્વારા લઘુમતી હિન્દુ સમાજ પર આતંકી હુમલા કરી હિન્દુ સમાજમાં ભય ફેલાવવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશની આઝાદી વખતે હિન્દુઓની 32 ટકા વસ્તી હિન્દુઓની હતી.

આજે બાંગ્લાદેશમાં આતંક બચાવી લૂંટફાટ કરી હત્યાઓ દીપચંદ્ર દાસ સહિત 20 થી વધુ હિન્દુઓની હત્યા કરવી હિન્દુઓમાં ભય ફેલાવવાનું કૃત્ય આચરવામાં આવી રહ્યું છે. ત્યારે અમેરિકાના લોસ એન્જેલસમાં વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા પ્રચંડ પીસરેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં 500 થી વધુ લોકો જોડાયા હતા અને ભારે સૂત્રોચાર કરીને વિરોધ દર્શાવ્યો હતો. આ રેલીમાં ઈઝરાયેલ દેશના અમેરિકન ઝુઈશ તેમજ બાંગ્લાદેશી હિન્દુ સમાજના લોકોએ પણ જોડાઈને આ અત્યાચાર સામે વિરોધ કરવામાં આવ્યો હતો.

SGFI 69મી નેશનલ સ્કૂલ ગેમ્સ

ક્રિકેટ અન્ડર 17 બોયઝમાં શહેરના મોક્ષ ભગતની પસંદગી

અન્ડર 19 રણજી ટ્રોફી મેચ રમવા માટે હુ તૈયાર : મોક્ષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા 69મી એસજીએફઆઈનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ રમતો માટે સ્પર્ધા યોજાશે. ત્યારે, ક્રિકેટર અન્ડર 17 બોયઝમાં સમગ્ર ગુજરાતમાંથી માત્ર બે શહેરોમાંથી બે ખેલાડીની પસંદગી કરવામાં આવી છે. જે પૈકી એક વડોદરાની પીએમ કેવી 2 આર્મી સ્કૂલમાંથી મોક્ષ સંજીવકુમાર ભગતની પસંદગી કરવામાં આવી છે.

આ ક્રિકેટ મેચ હૈદરાબાદ તેલંગનાના મહેબૂબ નગર ખાતે 26 એપ્રિલથી 1 મે સુધી રમાશે. ત્યારે, આખા રાજ્યમાંથી અમદાવાદ એક અને વડોદરાથી મોક્ષ ભગતની પસંદગી થતા પરિવારજનો સહિત સ્કૂલ પ્રસાશનમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી હતી. મોક્ષની પસંદગી થતા સ્કૂલ પરિવાર દ્વારા તેને શુભકામના પાઠવવામાં આવી હતી. નોંધનીય છે કે અગાઉ મોક્ષે બીસીએની ચેલેન્જિંગ ટ્રોફી પણ રમી હતી. હાલ એસજીએફઆઈ બાદ તેને અન્ડર 19 રણજી ટ્રોફી મેચ રમવા માટે તૈયારી દર્શાવી હતી.

અંબા ઉપાસક અતુલ પુરોહિત સાથે રાજેશ પટેલે ૧૨ બાળકોની જવાબદારી સ્વીકારી

પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળાની સુવાસ જનમાનસ સુધી પ્રસરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

પ્રત્યેક મનુષ્યમાં ભગવાન જોવાની ભાવના સાથે જીવતા મા અંબાના ઉપાસક એવા અતુલ ભાઈ પુરોહિત અને મનોદિવ્યાંગ બાળકોની સેવાને પ્રભુની સેવા સમજતા રાજેશ ભાઈ પટેલના સહિયારા પ્રયાસથી પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળાની સુવાસ જનમાનસ સુધી પ્રસરી છે. જેથી પહેલીવાર ૧૨ જેટલા મનોદિવ્યાંગ બાળકો માટે ખાસ પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા અતુલ ભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, શિખર, ધજા કે દેવ વગરના મંદિરમાં એવા આસ્થા ફાઉન્ડેશન સંચાલિત પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળાના બાળકોની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો. રેણુકાબેન પંચાલ અને ફાલ્ગુનીબેન રાઠવાના માર્ગદર્શનમાં વિકાસ પામી રહેલા ૧૨૨ મનોદિવ્યાંગ બાળકોમાં બીજા ૧૭ બાળકોનો ઉમેરો થયો છે. પ્રવેશોત્સવમાં બાળકોને સ્કૂલબેગ, સ્ટેશનરી, યુનિફોર્મ, લંચ બોક્સ, વોટર બોટલ અને બુટ સહિતની ભણતરમાં ઉપયોગી નીવડે તેવી જરૂરી વસ્તુઓ અપાઈ હતી. મારી પ્રત્યેક લોકોને અપીલ છે કે આપણે ઓછામાં ઓછા એક મનોદિવ્યાંગ બાળકની જવાબદારી સ્વીકારીને તેઓના વિકાસના સહભાગી થયું જોઈએ. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૦ થી આસ્થા ફાઉન્ડેશનના ૨૪ તાલીમબદ્ધ શિક્ષકો મનોદિવ્યાંગ બાળકોની સાર સંભાળ લઈ રહ્યા છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી
CINU40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

ક્રમ	સબ સ્ટેશનનું નામ	ફિડરનું નામ	સબ ડિવિઝનનું નામ	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ અને વાર	સમય
૧	૬૬ કેવી પાનોલી-૧ અને ૬૬ કેવી પાનોલી-૨	૬૬કેવી, ૨૨ કેવી તથા ૧૧ કેવીના તમામ ફિડરો	અંકલેશ્વર ઇન્ડ	૯૮૭૯૨૦૧૩૭૩ અને ૧૯૧૨૩	૦૫.૦૨.૨૦૨૬ ગુરુવાર	૦૮.૦૦ થી ૧૭.૦૦

કામ પુર્ણ થયા પછી કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેરજનતાએ નોંધ લેવા વિનંતી છે. ઇજનેર(ઔદ્યોગીક),અંકલેશ્વર

કાર્યપાલક

૧૧''એમ.સી.બી./ઈ.એલ સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો''